પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૭૫ | ૧૭ ડિસેમ્બર, ૨૦૨૨, શનિવાર; માગશર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# બજેટમાં દેશનો વિકાસ સર્વોપરી રહેશે

## કેન્દ્રીય નાણાંપ્રધાને આગામી બજેટ અંગે સંકેત આપ્યો : મોદી ૨.૦ સરકાર અને સીતારમણનું આ પાંચમું બજેટ હશે અને એપ્રિલ-મે ૨૦૨૪માં થનારી સામાન્ય ચૂંટણીઓ પહેલાનું છેલ્લું પૂર્ણ બજેટ હશે



નવી દિલ્હી, તા.૧૬

નાણા પ્રધાન નિર્મલા સીતારમણે શુક્રવારે સંકેત આપ્યો કે તેમનું આગામી બજેટ કેવું હશે. તેમણે કહ્યું કે આવનારું બજેટ જાહેર ખર્ચના આધારે વિકાસને વેગ આપતું રહેશે. તેમણે કહ્યું કે તે અગાઉના બજેટના મહત્વના મુદ્દાઓને અનુસરશે.

સીતારમણ એપ્રિલથી શરૂ થતા નાણાકીય વર્ષ માટે ૧ ફેબ્રુઆરીએ તેમનું સતત પાંચમું બજેટ રજૂ કરશે. કેન્દ્રીય બજેટ ૨૦૨૩ નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે સરકાર આગામી બજેટમાં દેશના વિકાસને સર્વોપરી રાખવાનો પ્રયાસ કરશે. આ દરમિયાન તેમણે સરકારની યોજના પણ જણાવી કે દેશનું આગામી બજેટ કેવું રહેશે.

નાણામંત્રી તરીકે નિર્મલા સીતારમણ કોવિડ-૧૯ રોગચાળાને કારણે ઉદ્ભવતા પડકારોનો સામનો કરશે. નાણામંત્રીએ મોટા પાયે જાહેર ખર્ચના કાર્યક્રમો શરૂ કર્યા હતા. નાણાપ્રધાને માંગને વેગ આપવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે મૂડીખર્ચ ૩૫.૪ ટકા વધારીને રૂ. ૭.૫ લાખ કરોડ કર્યો હતો, જે ગયા વર્ષના મૂડીખર્ચ રૂ. ૫.૫ લાખ કરોડ હતો.

● અનુસંધાન પાન-૭ પર

# પાંચ બેંકોએ હોમ લોનના વ્યાજ દરમાં કર્યો વધારો

## ૭ ડિસેમ્બરે રેપો રેટમાં ૩૫ બેસિસ પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો : ઙ્ગ્ઙ્ગ્હ્લઝ્રએ ફંડ આધારિત ધિરાણ દરોના એક વર્ષના માર્જિનલ કોસ્ટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે, આવી સ્થિતિમાં એક વર્ષ માટે લોન પર ૮.૧૦ ટકાના બદલે ૮.૬૦ ટકા વ્યાજ આપવું પડશે

નવી દિલ્હી,તા.૧૬

ભારતીય રિઝર્વ બેંકે આ વર્ષના મે મહિનાથી અત્યાર સુધીમાં રેપો રેટમાં પાંચ વખત વધારો કર્યો છે. તાજેતરમાં, ૭ ડિસેમ્બરે, કેન્દ્રીય બેંક તરફથી રેપો રેટમાં ૩૫ બેસિસ પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે. લોનને રેપો રેટ સાથે જોડવાને કારણે બેંકો બીજા જ દિવસથી તેમની માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ બેઝ્ડ લેન્ડિંગ રેટમાં વધારો કરે છે. ઘણી બેંકોએ ડિસેમ્બરમાં તેમની લોનની EMI વધારી છે. અહીં કુલ પાંચ બેંકો વિશે જણાવવામાં આવ્યું છે, જેમણે લોનના વ્યાજ દરમાં વધારો કર્યો છે. ખાનગી ક્ષેત્રની બેંક HDFC એ ફંડ આધારિત ધિરાણ દરોના એક વર્ષના માર્જિનલ કોસ્ટમાં ૫૦ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આવી સ્થિતિમાં એક વર્ષ માટે લોન પર ૮.૧૦ ટકાના બદલે ૮.૬૦ ટકા વ્યાજ આપવું પડશે. તેવી જ રીતે એક રાતથી એક મહિના માટે ૮.૩૦ ટકા વ્યાજ ચૂકવવું પડશે. ત્રણ અને છ મહિનાના સમયગાળા માટે લોન ૮.૩૫ ટકા અને ૮.૪૫ ટકા MCLR હશે. MCLR બે વર્ષ માટે ૮.૭૦ ટકા અને ત્રણ વર્ષ માટે ૮.૮૦ ટકા થઈ ગયું છે. બેંક ઓફ મહારાષ્ટ્રે તાજેતરમાં MCLR દરમાં વધારો કર્યો છે. બેંકે એક વર્ષ માટે MCLRઘટાડીને ૮.૨૦ ટકા કર્યો છે. એક દિવસ માટે MCLR ૭.૫૦ ટકાથી લઈને એક વર્ષ માટે MCLR ૮.૨૦ ટકા વસૂલવામાં આવે છે. નવા દરો આજથી એટલે કે ૧૪મી ડિસેમ્બરથી જ લાગુ થશે. બેંક ઓફ ઈન્ડિયાની વાત કરીએ તો તેણે રેપો આધારિત ધિરાણ દરોમાં ૩૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. હવે આ બેંકનું RBLR વધીને ૯.૧૦ ટકા થઈ ગયું છે. સુધારેલ દર તમામ ટર્મ લોન માટે છે, જે ૭ ડિસેમ્બરથી લાગુ થશે. ઈન્ડિયન ઓવરસીઝ બેંકએ તેના MCLRમાં ૧૫ થી ૩૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કર્યો છે. નવો દર ૧૦

● અનુસંધાન પાન-૭ પર

# ૧૭મીથી પહેલી સુધી સુપ્રીમમાં શિયાળું વેકેશન

## શિયાળાના વેકેશન દરમિયાન, તાકીદની બાબતોની સુનાવણી માટે કોઈપણ બેન્ચ હાજર રહેશે નહીં

નવી દિલ્હી, તા.૧૬

આ વખતે, સુપ્રીમ કોર્ટમાં શિયાળાના વેકેશન દરમિયાન, તાકીદની બાબતોની સુનાવણી માટે કોઈ બેન્ચ હાજર રહેશે નહીં. સીજેઆઈ ડીવાય ચંદ્રચુડે આ મોટી જાહેરાત કરી. ૧૭ ડિસેમ્બરથી ૧ જાન્યુઆરી સુધી સુપ્રીમ કોર્ટમાં રજા રહેશે. સીજેઆઈ ચંદ્રચૂડની આ જાહેરાત એટલા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે કારણ કે કેન્દ્રીય કાયદા મંત્રી કિરેન રિજિજુએ રાજ્યસભામાં કહ્યું હતું કે લોકો માને છે કે કોર્ટની લાંબી રજાઓ ન્યાય શોધનારાઓના હિતમાં નથી. સુનાવણી શરૂ થાય તે પહેલા સીજેઆઈ ચંદ્રચુડે તેમના કોર્ટરૂમમાં હાજર વકીલોને જણાવ્યું કે આવતીકાલથી ૧ જાન્યુઆરી સુધી કોઈ બેંચ ઉપલબ્ધ રહેશે નહીં. આજે એટલે કે શુક્રવાર બે અઠવાડિયાના શિયાળાના વિરામ પહેલા સુપ્રીમ કોર્ટનો છેલ્લો કાર્યકારી દિવસ છે. સુપ્રીમ કોર્ટ ૨ જાન્યુઆરીએ ફરી ખુલશે.

રજાઓનો મુદ્દો દેશની અદાલતોમાં અગાઉ પણ ઉઠ્યો હતો. કેન્દ્ર સાથે કોલેજિયમની નિમણૂક માટે પેન્ડિંગ ફાઈલોને લઈને કેન્દ્ર અને સુપ્રીમ કોર્ટ વચ્ચેની તાજી ખેંચતાણ વચ્ચે આ મામલો એક નવી રીતે સામે આવ્યો છે. અગાઉ રજાના દિવસે પણ સુપ્રીમ કોર્ટથી લઈને જિલ્લા કોર્ટ સુધીના ઈમરજન્સી કેસોની

# સેના દેશની સુરક્ષા માટે હંમેશા તૈયાર છે : આર. પી. કલિતા

## તવાંગમાં ચીનના સૈન્ય સાથેની અથડામણ પર નિવેદન : ચીનની સૈન્યએ એલએસી પાર કરતા તેના લીધે અથડામણ થતા બંને પક્ષના સૈનિકોને થોડી ઘણી ઈજાઓ પહોંચી છે

નવી દિલ્હી, તા.૧૬

અરુણાચલ પ્રદેશના તવાંગ ક્ષેત્રમાં ચીની સૈન્ય સાથેની અથડામણ બાદ ભારતીય સેનાના



પૂર્વીય કમાન્ડના ચીફ લેફ્ટનન્ટ જનરલ આર.પી. કલિતાએ કહ્યું કે, આપણા દેશની સુરક્ષા માટે સેના હંમેશા તૈયાર છે. ચીનની સૈન્યએ એલએસી પાર કરી લીધું હતું તેના લીધી અથડામણ થતા બંને પક્ષના સૈનિકોને થોડી ઘણી ઈજાઓ પહોંચી છે. તેમજ હવે ત્યાંની સ્થિતિ નિયંત્રણમાં થઈ ગઈ છે. પૂર્વીય કમાન્ડના વડા કલિતાએ કહ્યું કે, એક સૈનિક તરીકે અમે હંમેશા દેશની રક્ષા માટે તૈયાર છીએ, પછી તે શાંતિનો સમય હોય કે સંઘર્ષનો સમય હોય. આપણું મૂળ કામ દેશની સરહદને કોઈપણ વિદેશી કે આંતરિક ખતરાથી અકબંધ રાખવાનું છે.

સીડીએસ જનરલ અનિલ ચૌહાણ, આર્મી ચીફ જનરલ મનોજ પાંડે, વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી અને ભારતીય નૌકાદળના વાઈસ ચીફ વાઈસ એડમિરલ એસ.એન.

● અનુસંધાન પાન-૭ પર

# આડોડાઈ કરતા ચીનને પાઠ ભણાવવા ભારત સજ્જ

## ભારત ટેરિફ અને નોન-ટેરિફ પગલાંથી ચીનથી આયાતની નિર્ભતા ઘટાડશે

નવી દિલ્હી, તા.૧૬

ચીન માટે આ કોઈ સર્જીકલ સ્ટ્રાઈકથી ઓછું નહીં હોય , કારણકે ભારત એ ચીનના સમાન માટે મોટું બજાર છે.

જો કે , ભારત તેના પાડોશી દેશોમાંથી કાચો માલ આયાત કરવાનું ચાલુ રાખશે. ભારતીય કંપનીઓ અને સરકારી વિભાગોએ અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ ચીની ઉત્પાદનો પર પ્રતિબંધ મૂક્યો છે. આમાં પોલિએસ્ટર યાર્ન , ઓપ્ટિકલ ફાઈબર ,સોલાર સેલ ,વિનાઈલ ટાઈલ્સ ,સેકરિન ,આઈ લેન્સ ,વિવિધ સ્ટીલની વસ્તુઓ, રસાયણો, સિરામિક્સ, ટેબસ લવેર ,રસોડાના વાસણો ,કાચના વાસણો, એલ્યુમિનિયમ ફોઈલનો સમાવેશ થાય છે.

આ બાબતથી માહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે, બજેટ આત્મનિર્ભર ભારતની તેની વ્યૂહરચના "પ્રમાણબધ્ધ " રીતને અનુસરીને વિવિધ ટેરિફ અને નોન-ટેરિફ પગલાં દ્વારા ચીનથી ભારતની આયાત નિર્ભરતા ઘટાડવાનાં પગલાંની જાહેરાત કરી શકે છે. તેથી જ સરકાર દ્વારા એફવાય૨૪ બજેટમાં ચીનની આયાત પર નિયંત્રણ લાદે તેવી શક્યતા છે. જો તેમ થશે તો આ પગલું આત્મનિર્ભરતાને આગળ વધારવાના ભારતના પ્રયાસોનો એક ભાગ બની રહેશે.

# બાકી ચૂકવણી માટે ૧૫ માર્ચ સુધીનો સમય વધારવા સુપ્રીમ કોર્ટમાં અરજી

## વન રેન્ક-વન પેન્શન યોજના સંદર્ભે કેન્દ્ર સુપ્રીમમાં : કેન્દ્ર સરકારે બીજી વખત એક્સ્ટેંશનની માગ કરી

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્રએ સશસ્ત્ર દળોના તમામ પાત્ર પેન્શનરોને વન રેંક-વન પેન્શન યોજનાની બાકી ચૂકવણી માટે ૧૫ માર્ચ, ૨૦૨૩ સુધીનો સમય વધારવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. જૂનમાં પ્રથમ વખત સર્વોચ્ચ અદાલતમાં ગયા પછી અને ગણતરી કરવા અને ચુકવણી કરવા માટે ત્રણ મહિનાનો સમય માંગ્યા પછી, કેન્દ્ર સરકારે આ વખતે બીજી વખત બાકીની ચૂકવણી કરવા માટે એક્સ્ટેંશનની માંગ કરી છે. સુપ્રીમ કોર્ટે, જેણે ૧૬ માર્ચે કેન્દ્ર દ્વારા સ્વીકૃત ઓઆરઓપી સિદ્ધાંતને સમર્થન આપ્યું હતું, કહ્યું હતું કે તે કોઈપણ "બંધારણીય નબળાઈ"થી પીડાતી નથી અને "મનમાની" નથી. તેણે સરકારને ત્રણ મહિનાની અંદર બાકી ચૂકવણી કરવા જણાવ્યું હતું. કેન્દ્રએ તેની નવી અરજીમાં જણાવ્યું હતું કે સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ વિભાગ દ્વારા કંટ્રોલર જનરલ ઑફ ડિફેન્સ એકાઉન્ટ્સની ઑફિસને માર્ચ ૨૦૨૨માં પેન્શનના આગામી સંશોધન માટે એક ટેબલ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના ૧૬ માર્ચ, ૨૦૨૨ના ચુકાદા પછી તરત જ આ પગલું લેવામાં આવ્યું હતું.. કેન્દ્રએ અરજીમાં જણાવ્યું હતું કે સીજીડીએ કાર્યાલયે અમુક મુદ્દા ઉઠાવ્યા હતા અને તેના પર વિભાગ પાસેથી સ્પષ્ટતા માંગી હતી. તેમણે કહ્યું કે એપ્રિલ ૨૦૨૨માં વિભાગ દ્વારા જરૂરી સ્પષ્ટતાઓ જારી કરવામાં આવી હતી.

# નકલી એન્કાઉન્ટર કેસમાં ૪૩ પોલીસકર્મીઓને સાત વર્ષની સજા

## હાઈકોર્ટની લખનઉ પીઠે નિર્દેશ આપ્યા છે કે, દોષિત પોતાની જેલની સજા કાપશે અને દરેક પર ૧૦-૧૦ હજાર રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે

લખનઉ, તા.૧૬

અલ્હાબાદ હાઈકોર્ટે ૧૯૯૧ પીલીભીત નકલી એન્કાઉંટર મામલામાં ૪૩ પોલીસકર્મીઓની આજીવન કેદની સજાને ૭ વર્ષ સશ્રમ જેલવાસમાં બદલી નાખી છે. આ નકલી એન્કાઉન્ટરમાં ૧૦ સિખોને આતંકવાદી ગણાવીને તેમની હત્યા કરી દીધી હતી.

હાઈકોર્ટે નીચલી અદાલત દ્વારા પોલીસકર્મીઓને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ અંતર્ગત સંભળાવેલી સજાને નકારતા કહ્યું કે, આ મામલામાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૩ અપવાદ ૩ અંતર્ગત આવે છે, હત્યાનો મામલો બને છે. જો અપરાધી લોક સેવક હોવા અથવા સેવકની સહાયતા કરવાના કારણે કોઈ આવા કામ દ્વારા મૃત્યુ કારિત કરે છે, તો તે વિધિસમ્મત સમજે છે. હાઈકોર્ટની લખનઉ પીઠે નિર્દેશ આપ્યા છે કે, દોષિત પોતાની જેલની સજા કાપશે.

# નવી મુંબઈના ઉલવે વિસ્તારમાં દરોડામાં કરોડનું ડ્રગ્સ જપ્ત



મુંબઈ, તા.૧૬

મહારાષ્ટ્રમાં એક સંયુક્ત ઓપરેશનમાં, મુંબઈ એનસીબી અને ચેન્નાઈ એનસીબીએ નવી મુંબઈના ઉલવે વિસ્તારમાં દરોડા પાડીને ડ્રગ્સનો જંગી જથ્થો જપ્ત કર્યો છે. આ ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે.

આ પહેલા આસામના કરીમગંજ જિલ્લામાં પોલીસે ૨૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ સાથે પોલીસ દ્વારા બે તસ્કરોની ધરપકડ પણ કરવામાં આવી હતી. બાતમીદાર પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસે આ ઓપરેશન હાથ ધર્યું હતું.


# કેમ્બ્રિજના છાત્રે વિદ્વાન પાણિની દ્વારા લખાયેલ પાઠને ડીકોડ કર્યો

## કેમ્બ્રિજના ભારતીય પીએચડી સ્ટૂડન્ટની સિદ્ધિ : રાજપોપટ સેન્ટ જોન્સ કોલેજ, કેમ્બ્રિજ ખાતે એશિયન અને મિડલ ઈસ્ટર્ન સ્ટડીઝ ફેકલ્ટીમાં પીએચડી સંશોધનનો વિદ્યાર્થી છે

ઈંગ્લેન્ડ, તા.૧૬

કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક ભારતીય પીએચડી સ્ટુડન્ટે આખરે સંસ્કૃત વ્યાકરણ સંબંધિત એક રહસ્ય ઉકેલ્યું છે. આ એક રહસ્ય છે જેણે પૂર્વે પમી સદીથી વિદ્વાનોને પરેશાન કર્યા છે.

રિપોર્ટ અનુસાર, ૨૭ વર્ષીય ઋષિ અતુલ રાજપોપટે



સંસ્કૃત વિદ્વાન પાણિની દ્વારા લખવામાં આવેલ પાઠને ડીકોડ કર્યો હોવાનું કહેવાય છે. આ લખાણ લગભગ અઢી હજાર વર્ષ પહેલાંનું છે. રાજપોપટ સેન્ટ જોન્સ કોલેજ, કેમ્બ્રિજ ખાતે એશિયન અને મિડલ ઈસ્ટર્ન સ્ટડીઝ ફેકલ્ટીમાં પીએચડી સંશોધન વિદ્યાર્થી છે.

પાણિનીએ "મેટારુલ" શીખવ્યું, જેનો પરંપરાગત રીતે વિદ્વાનો દ્વારા અર્થઘટન કરવામાં આવે છે: "સમાન બળના બે નિયમો વચ્ચેના સંઘર્ષની સ્થિતિમાં, વ્યાકરણના કાલક્રમિક ક્રમમાં જે નિયમ પાછળથી આવે છે તે પ્રવર્તે છે." જો કે, આ ઘણીવાર

● અનુસંધાન પાન-૭ પર

